રે.મુ નં ૭૬/૨૦૧૩

**આંક– ૩૭ લગત હુકમ**

પ્રસ્તુત કામમાં પ્રતિવાદી ૧,૪,૫ તર્ફે હાલની અરજી આપી એવી રજુઆત કરેલ છે કે આ કામના વાદીઓએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ઉપરોકત નંબરનો દાવો કરેલ છે જેને ઘણો સમય થયેલ છે અને વાદીઓને પુરતો સમય આપવા છતા પ્રતિવાદી નં ૧ ને સમન્સ કે નોટીસ બજાવેલ ના હોય સી.પી.સી ઓર્ડર ૮ રૂલ ૬ મુજબ પ્રતિવાદી નં ૧ નું નામ એબેટ કરવા અરજ ગુજારેલ છે. પ્રસ્તુત કામે હાલની અરજી સંદર્ભે પ્રતિવાદી ૪ ના વિ.વ.શ્રી એન.એચ.પટેલનાઓએ એવી દલીલ કરેલ છે કે પ્રતિવાદી નં ૧ ગુજરેલ છે જેના વારસો નથી એટલે એબેટ કરો.

પ્રસ્તુત કામે હાલની અરજી સંદર્ભે વાદીએ કોઈ જવાબ આપેલ નથી પરંતુ એવી દલીલ કરેલ છે કે પ્રતિવાદીઓએ કોઈ જવાબ આપેલ નથી. અરુણાબેનની જુબાની થઈ તેમાં ઉલટ તપાસ થયેલ નથી. કોર્ટ કમિશ્નરશ્રીની ઉલટ તપાસ પણ કરેલ નથી. દિલીપભાઈની ઉલટ તપાસ થયેલ ના હોય તેમજ આંક–૨૬ ના લીસ્ટને આંક આપવાના તબકકે પ્રતિવાદીઓને નોટીસ કાઢવાનો હુકમ થતા પ્રતિવાદી નં ૪ એ જવાબની અરજી સંદર્ભે હક ઓપન કરાવેલ છે.પ્રતિવાદી દવારા રજુ થયેલ જજમેન્ટ એકસપાર્ટી થયેલ કેસ સંદર્ભે છે જેથી હાલની અરજી મંજુર થઈ શકે નહી.

ઉપરોકત કામે પ્રતિવાદી નં ૪ નાઓએ જે અરજી આપેલ  છે તે અરજી બાબતે કેસનું રેકર્ડ જોવામાં આવે તો આ કામના પ્રતિવાદી નં ૧ સુરેશભાઈ ઈશ્વરભાઈ પટેલનાઓને નોટીસ સમન્સ બજેલ છે તેવુ રેકર્ડ પરથી જણાતુ નથી પરંતુ આંક–૬ થી વિ.વ.શ્રી આઈ.કે.વોરા/ એ.કે.વોરા દવારા વકીલાતનામુ ફાઈલ કરવામાં આવે છે જેમાં પ્રતિવાદી નં ૧ નાઓએ સહી કરેલ છે. આ સાથે જવાબ રજુ થવાની મુદત અરજી માંગેલ છે. આમ, આ કામે પ્રતિવાદી નં ૧ નાઓને સમન્સ નોટીસની બજવણી થયેલ છે કે કેમ? તે સ્પષ્ટ નથી પરંતુ તેઓ એટલે કે પ્રતિવાદી નં ૧ વકીલ મારફતે હાજર થયેલ છે. વધુમા પ્રતિવાદી નં ૪ ની હાલની અરજી સંદર્ભે પ્રતિવાદી નં ૧ ગુજરેલ છે તેવી દલીલ જરૂર કરેલ છે પરંતુ તેવુ રેકર્ડ પર જાહેર કરેલ નથી. તેમજ ઓર્ડર ૮ રૂલ ૬ ની જોગવાઈ મુજબ જે માંગણી કરેલ છે તે માંગણી ઓર્ડર ૮ રૂલ ૬ ની જોગવાઈ હેઠળ મળી શકે જણાતી નથી. આ સંજોગોમાં હાલની અરજી સંદર્ભે નીચે મુજબ હુકમ કરુ છુ.

**<u>હુકમ</u>**

પ્રતિવાદીની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૩ એપ્રિલ સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો

તા. ૨૩/૦૪/૨૦૧૮
આમોદ

(વી.કે.વાઘેલા)
પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ–આમોદ